# શહેરમાં વાદળોની હાજરી વચ્ચે અસહ્ય ઉકળાટ

## વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સતત ૮૦ ટકા ઉપર : આકરા બફારાથી બેચેની અનુભવતા નગરજનો મોસમની વિચિત્ર અસરથી પ્રભાવિત

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સાંજ ઢળતા જ મોસમનો નઝારો બદલાય છે. દિવસના આકરા તાપ વચ્ચે નગરજનો આકરા બફારાથી તોબા પોકારી ગયા છે. વરસાદી વાદળો રોજબરોજ ગોરંભાય છે. જયારે વરસાદની ગેરહાજરી અને વધતા ભેજના પ્રમાણ વચ્ચે સેકટરવાસીઓ ઉકળાટથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. જો કે હવામાન તજજ્ઞોના મતે હજુ પણ આગામી દિવસોમાં વરસાદ આવે તેવી સંભાવના છે. સેકટરવાસીઓ વરસાદી મોસમમાં ઉદભવતી સમસ્યાઓ અને બફારાથી ત્રસ્ત છે. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી રોજબરોજ સાંજ ઢળતા વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાટણા વરસતા સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળે છે. એકબાજુ સવારથી વાતાવરણમાં ઉઘાડ જોવા મળે છે. પરંતુ બપોરના અંતે અચાકન જ વાતાવરણમાં પલ્ટો આવતા વરસાદી નઝારા સર્જાય છે. શહેરમાં ચોમાસાના ત્રણ મહીનાના અંતે સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. જયારે શ્રાવણ મહીનામા પણ સરવરિયા વરસ્યા હતા પરંતુ ભાદરવાના પ્રારંભથી જ વરસાદી મોસમનો મિજાજ વિચિત્ર જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ભાદરવા મહીનામાં આકરો તાપ પડે છે. ત્યારે હાલના દિવસોમાં મહત્તમ તાપામાન પણ ૩૩ ડીગ્રીની આસપાસ રહે છે જેના લીધે એકબાજુ દિવસનો તાપ



આકરો બન્યો છે. તો બીજીતરફ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે અને સાંજના સમયે ૮૦ ટકા ઉપર રહેતા નગરજનો ઉકળાટની અસરથી બેબાકળા બન્યા છે. રોજબરોજ અસહ્ય ઉકળાટથી ત્રસ્ત શહેરીજનો હવે આકરા બફારાથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. ત્યારે હજુ પણ વરસાદ આવશે તેવી આગાહી પણ હવામાન તજજ્ઞો દ્વારા કરવામાં આવી રહી છે. શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધતા મહીલાઓ અને વડીલોની અકળામણ વધી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી વાતાવરણની અસરમાં સવાર સાંજ બદલાવ જોવા મળે છે. જયારે વરસાદી વાયરાના અંતે પણ ઠંડક અદ્રશ્ય રહે છે. વહેલી સવારે અને મોડી રાત્રે પ્રમાણમાં ગરમીમાં રાહત થાય છે. પરંતુ દિવસ દરમિયાન સતત ઉકળાટ અસહ્ય રહેતા સેકટરવાસીઓ તોબા પોકારી ગયા છે. વરસાદ પુરતો આવી ગયા બાદ પણ આકાશમાં ભાદરવામાં મેઘરાજા ગોરંભાયેલા જોવા મળે છે. હવામાન તજજ્ઞોના મતે હજુ પણ આગામી દિવસોમાં હળવા ભારે ઝાપટા સાથે વરસાદ આવે તેવી પ્રબળ સંભાવના છે.

આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૬ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૮ ડીગ્રી નોંધાયુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ ૧૦ ડીગ્રી જેટલો જોવા મળે છે. જયારે છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ એકધારુ જળવાયેલુ રહેતા વરસાદની ગેરહાજરી વચ્ચે બફારા અને અસહ્ય ઉકળાટથી નગરજનો ગુંગાળમણ અનુભવી રહ્યા છે.

# સેકટરોમાં ખોદકામના લીધે સ્ટ્રીટ લાઈટના કેબલ કટ થઈ જતાં વારંવાર અંધારપટ્ટ

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ એક વિભાગ બીજા વિભાગ સાથે જરૂરી સંકલન ન જાળવતા આમ નાગરિકોએ જટીલ સમસ્યાઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. પાણીની નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામગીરી દરમિયાન અગાઉ વિજળીના કેબલ કટ થતા સેકટરોમાં વિજપુરવઠો ખોરવાઈ જતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની હતી જયારે હાલ પણ સેકટરોની સ્ટ્રીટ લાઈટના કેબલ અનેક ઠેકાણેથી કટ થતા ખામી સર્જાતી હોવાના લીધે સેકટરોમાં લાંબા સમય સુધી અંધારપટ્ટ રહેતો હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરોમાં એપ્રોચ માર્ગોના વાઈડનીંગના અંતે આસપાસ કોર્પોરેશન કક્ષાએથી નવા થાંભલા મુકવામાં આવી રહ્યા છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ હવે સ્ટ્રીટ લાઈટની જાળવણી પણ મહાનગરપાલિકાને સોંપવા માટે દરખાસ્ત કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. છેલ્લા કેટલાક વર્ષોથી શહેરમા એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી કર્યા બાદ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોમાં પણ ઘટાડો થયો છે. જો કે હાલ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. શહેરમા એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે પાણીની તેમજ ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં વારંવાર કેબલ કટ ઓફ થતા વારંવાર અંધારપટ્ટ સર્જાય છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે એક થી વધુ જગ્યાએ કેબલ કટ થતા સ્ટ્રીટ લાઈટો લાંબા સમય સુધી ડુલ રહી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં પાણી તેમજ ગટર લાઈન સંદર્ભે ખોદકામ કરતા તંત્ર દ્વારા લાઈટના કેબલ સંદર્ભે યોગ્ય માર્ગદર્શન મેળવી કામ કરવામાં આવતુ નથી જેના લીધે સમસ્યા વધુ પેચીદી બની છે. જયારે આ કામગીરી દરમિયાન અગાઉ પણ સેકટરોમાં વિજળીના કેબલ કટ થતા વિજપ્રવાહ ખોરવાયો હોવાની ફરિયાદો પણ આકરા ઉનાળે સ્થાનિકો માટે રોષનુ કારણ બની હતી જયારે હજુ પણ યુટીલીટી લાઈન્સ સતત ડિસ્ટર્બ થતુ હોય તેમ જ કામ આગળ ચાલી રહ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓની સમસ્યાનો અંત આવતો નથી. શહેરના સેકટરોમાં એકબાજુ એપ્રોચ માર્ગોના વાઈડનીગનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે આ માર્ગો આસપાસ સ્થિત સ્ટ્રીટ લાઈટના પોલ્સ પણ કાઢીને કોર્પોરેશન કક્ષાએથી નવા નાંખવામાં આવી રહ્યા છે.

શહેરના સેકટરોના આંતરિક માર્ગો કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા છે. જયારે રોડ નેટવર્કની સાથે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ પણ મહાનગરપાલિકને સોંપી દેવા માટે તંત્રના અધિકારી કક્ષાએથી ટુંકમાં દરખાસ્ત કરવામાં આવશે.

# જુના સચિવાલયના બ્લોક નં. ૧૯ સામે મૃત શ્વાનના કારણે દુર્ગંધનો માહોલ




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં જુના સચિવાલયના બ્લોક ન. ૧૯ સામે જયાં વાહનો પાર્કિંગ થાય છે ત્યાં બે-ત્રણ દિવસથી એક શ્વાન મરેલું પડ્યું છે જેનું શરીર ફુલીને દડો થઈ ગયું છે અને ગમે ત્યારે ફાટી પડે તેવી હાલતમાં આવી ગયું છે. મૃત શ્વાનના શરીરમાંથી સખત દુર્ગંધ ચોમેર પ્રસરી રહી છે જેના કારણે ખાસ કરીને બ્લોક નં. ૧૯ની સરકારી કચેરીઓ જેમાં માહિતી કમિશનરની કચેરી, રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ, બાળ આયોગ, યોગ બોર્ડ, ઔષધિય વનસ્પતિ બોર્ડ વગેરેના કર્મચારીઓ સહિત તેના મુલાકાતીઓ માટે અંહીથી પસાર થવું એટલું જ નહીં કચેરીઓમાં કાર્ય કરવું પણ મુશ્કેલ બન્યું છે.

મૃત શ્વાનના શરીરને ચુંથવા કાગડાં પણ આવવા લાગ્યાં છે, જો આ સંજોગોમાં અહીંથી સત્વરે આ મૃત શ્વાનનું શરીર નહીં હટાવાય તો આ કચેરીઓના કર્મચારીઓ અને મુલાકાતીઓના આરોગ્ય જોખમાય તેવી ભીતિ સેવાઈ રહી છે. મૃત શ્વાનના શરીરને આ સ્થળેથી સત્વરે હટાવી ત્યાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય તે જરુરી બન્યું છે.

# સરકારે બે કલાક પોતાની પીઠ થાબડી, ખેડૂતોએ ૧૦ મિનિટમાં હવા કાઢી નાંખી..!!

## ભૂપેન્દ્ર પટેલ સરકારની એક વર્ષની સિદ્ધિઓની ઉજવણીના કાર્યક્રમમાં કિસાન સંઘના ખેડૂતોના સુત્રોચ્ચાર : ચુસ્ત સલામતી વચ્ચે પણ ખેડૂતોએ બેનર સાથે મહાત્મા મંદિર સંકુલમાં જ ઘુસી દેખાવો કર્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર બન્યાં પછી કદાચ પહેલીવાર એવું થયું હશે કે તેના કેમ્પસમાં સરકારી કાર્યક્રમ દરમ્યાન સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર થયાં હોય. આજે સવારે ૧૧ કલાકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ હાજરીમાં 'વિશ્વાસથી વિકાસયાત્રા' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમની સમાપ્તિ સાથે હજુ મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત અન્ય મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સંકુલમાં જ હતા ત્યારે ભારતીય કિસાન સંઘના બેનર સાથે ખેડૂતોએ મહાત્મા મંદિરના વચ્ચોવચ ચોગાનમાં અચાનક સુત્રોચ્ચાર શરૂ કરી દેતા સમગ્ર સંકુલમાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. આ ખેડૂતો કચ્છથી ગાંધીનગર ખાતે ચાલી રહેલાં કિસાન સંઘના આંદોલનમાં સામેલ થવા આવેલાં હતા અને છેલ્લાં ૨૦ દિવસથી સરકારે મચક આપી ના હોવાથી તેમણે આ માર્ગ પકડ્યો હતો જેમાં તેમણે અસમાન વીજ દર પ્રથાને નાબુદ કરવા, વીજળીના કલાકો વધારવા તેમજ સરકારે બંધ કરી દીધેલી સોલાર ઉર્જા સહાયની 'સ્કાય' યોજનાને પુનઃ શરૂ કરવા માંગ કરી હતી.

આજે મહાત્મા મંદિર ખાતે ગુજરાત સરકારની એક વર્ષની કામગીરી સાથે સિદ્ધિઓને ઉજવવાના કાર્યક્રમ "વિશ્વાસથી વિકાસ યાત્રા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવો જોડાયાં હતા. મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી સહિતના વીવીઆઈપીઓના કારણે તૈનાત ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ ભારતીય કિસાન સંઘના ખેડૂતોએ સંકુલની અંદર જ બેનર પ્રદર્શિત કરીને સતત આશરે ૧૫-૧૭ મિનિટ સુધી સુત્રોચ્ચાર સાથે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો જેમાં તેમણે સરકાર વિરોધી સૂત્રોચાર કર્યા હતા. આ સમયે પોલીસ પણ




મહાત્મા મંદિરના સંકુલમાં હાજર નહોતી પરંતુ થોડીવારમાં પોલીસનો કાફલો આવી પંહોચ્યો હતો. પોલીસનો કાફલો આવ્યો ત્યારે પત્રકારો અને ટીવી મિડીયાની હાજરી હોવાથી પોલીસે કુણું વલણ દાખવ્યું હતું અને સુત્રોચ્ચાર કરી રહેલા ખેડૂતોની અટકાયત કરી ન હતી અને તમામ ખેડૂતોને જવા દેવામાં આવ્યા હતા. જ્યાં સરકાર એક વર્ષની સિદ્ધિઓ ગણાવી પોતાની જ પીઠ થાબડી રહી હતી ત્યાં જ ખેડૂતોએ સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરીને સરકારની ઉજવણીની મજા કિરકિરા કરી દીધી હતી. જોકે આ બાબતની સરકાર અને પોલીસ તંત્રમાં ગંભીર નોંધ લેવાઈ હોવાનું અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા મહાત્મા મંદિરે ફરજ પરના પોલીસ કર્મચારીઓને ઠપકો આપવામાં આવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# દહેગામમાં બ્રાન્ડેડ કંપનીના લોગો લગાડી કપડા વેચતો વેપારી ઝડપાયો

## ૨૩૬ ટીશર્ટ કિં.૪૬ હજાર અને ૨૧ જીન્સ પેન્ટ રૂપિયા ૧૦,૫૦૦ મળી કુલ ૫૬,૫૦૦નો મુદામાલ જપ્ત કરી લેવાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના દહેગામ સ્થિત બાલમુકુંદ કોમ્પ્લેક્ષમાં લાસ્ટમ ઓપ્શન નામની રેડીમેઈડ ગારમેન્ટની દુકાનમાં લેવીસ કંપનીના બ્રાન્ડેડ લોગો વાળી ટી શર્ટ અને જીન્સ વેચાણ કરી ગ્રાહકો સાથે છેતરપિંડી કરતા પ્રકાશસિંહ અહેમદસિંહ ઝાલાને પોલીસે કંપનીના વ્યકિતઓને સાથે રાખી દરોડો પાડી રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે. જેની પાસેથી પોલીસને બ્રાન્ડેડ કંપનીના લોગો વાળી ટી શર્ટ અને જીન્સ કબ્જે કરી કોપી રાઈટ એકટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા સન્નીર વિજયકુમાર જૈન નેત્રીકા નામની કંપનીમાં છેલ્લા છ વર્ષથી ઈન્વેસ્ટીગેશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે. આ કંપનીને બ્રાન્ડેડ કંપનીના કપડા તેમજ બેલ્ટ અને પર્સનો કોપીરાઈડ હકકોની ઓથોરીટી મળેલ છે. જે અન્વયે સન્નીર જૈનને ફરીયાદ મળી હતી કે દહેગામ બાલમુકુંદ કોમ્પ્લેક્ષમાં આવેલી લાસ્ટમ ઓપ્શન નામની રેઈડમેઈડ ગારમેન્ટની દુકાનમાં ઉક્ત કંપનીના લોગોવાળા કપડાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેને પગલે દહેગામ પોલીસને સાથે રાખીને સન્નીર જૈન સહિતના કંપનીના માણસોએ બાલમુકુંદ કોમ્પ્લેક્ષમાં આવેલા લાસ્ટમ ઓપ્શન નામની ગારમેન્ટની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જયાં તપાસમાં ઉપરોક્ત કંપનીના કપડાના કોપી રાઈટ હકકોના ભંગ કરીને ગેરકાયદેસર રીતે વેપાર કરતા પ્રકાશસિંહ ઝાલા (રહે અહમદપુરા ઠાકોરવાસ તા.દહેગામ) ને રંગેહાથ પકડી પાડવામાં આવ્યો હતો.જયારે પોલીસની પુછપરછમાં આ દુકાન પ્રકાશસિંહે માસિક ૧૨ હજારના ભાડા પેટે રાખી હતી. બ્રાન્ડેડ કંપનીના વેચાણની ઓથોરીટી નહી હોવા છતા જીન્સ પેન્ટ અને ટીશર્ટનું વેચાણ કરતો હોવાની કબુલાત કરી હતી. બાદમાં કંપનીના કર્મચારીઓએ દુકાનમાં સર્ચ કરી ટી-શર્ટ નંગ-૨૩૬ કિં.૪૬ હજાર, જીન્સ પેન્ટ નંગ-૨૧ કિં.રૂ.૧૦,૫૦૦ મળી કુલ નંગ-૨૫૧ સહિત કુલ ૫૬,૫૦૦ નો મુદામાલ જપ્ત કરી કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે નિઃશુલ્ક "જેઈઈ ઓપન હાઉસ"નું આયોજન

ગાંધીનગર, તા.૧૩

આઈઆઈટી ગાંધીનગર દ્વારા આગામી તા.૧૫ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યે બીટેકના સંભવિત વિદ્યાર્થીઓ માટે ઑનલાઈન મોડમાં લાઈવ જેઈઈ ઓપન હાઉસ સત્રનું આયોજન કરશે. વર્ચ્યુઅલ ઈન્ટરેક્ટિવ ઈવેન્ટનો ઉદ્દેશ જેઈઈ (એડવાન્સ્ડ) લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને આઈઆઈટીઝમાં વિવિધ એન્જિનિયરિંગ પ્રોગ્રામ્સ વિશે માર્ગદર્શન આપવાનો છે. , કારકિર્દીની વિવિધ તકો અને જાણકાર પસંદગીઓ કરવા માટે આઈઆઈટી સિસ્ટમને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. આઈઆઈટી ગાંધીનગર ઓપન હાઉસના વેબપેજ દ્વારા વિશ્વભરના વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા આ સત્રમાં નિઃશુલ્ક ભાગ લઈ શકે છે.

આઈઆઈટી ગાંધીનગર જેઈઈ ઓપન હાઉસ ઈવેન્ટમાં શૈક્ષણિક અને વિદ્યાર્થી બાબતોના ડીન, કાઉન્સેલિંગ હેડ, સ્ટુડન્ટ વેલબીઈંગ ઈનિશિયેટિવના કોઓર્ડિનેટર ઉપરાંત વર્તમાન વિદ્યાર્થીઓ અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસર અમિત પ્રશાંત, ડાયરેક્ટર, આઈઆઈટી ગાંધીનગર સાથેના સત્રનો સમાવેશ થાય છે. તે સહભાગીઓ માટે આઈઆઈટીઝ ખાતે અંડરગ્રેજ્યુએટ શિક્ષણ સંબંધિત તેમના પ્રશ્નો અને શંકાઓ પર પ્રથમ હાથ માર્ગદર્શન મેળવવાની ઉત્તમ તક તરીકે સેવા આપશે.

આ સાથે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ 'આઈઆઈટી ગાંધીનગર ઓપન ડે' પર આઈઆઈટી ગાંધીનગરની મુલાકાત લેવા માટે વિદ્યાર્થીઓ અને માતાપિતાનું પણ સ્વાગત છે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઘુંઘટાથી કંટાળી પરિણિતાએ ગાઉન પહેર્યું તો પરિવારે ઘરની બહાર કાઢી મુકી

ગાંધીનગર, તા.૧૩

આજના હાઈટેક યુગમાં પણ શહેરમાં વસવાટ કરતા રૂઢીચુસ્ત સ્વભાવના પતિ -સાસુ દ્વારા રાત્રે પણ ગાઉનની જગ્યાએ સાડી પહેરી રાખી ઘુંઘટો તાણી રાખવાની ફરજ પાડી છે. ત્યારે કુરિવાજના બંધનથી કંટાળી પરિણિતાએ સાસરીનો ત્યાગ કરતા અડધી રાત્રે રસ્તે રઝળવાનો વારો આવ્યો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના એક ગામમાં રહેતી પરિણિતાના લગ્ન આજથી પાંચ વર્ષ પહેલા સમાજના રીત-રીવાજ મુજબ થયા હતા. કેટલાક સપનાઓ સાથે સાસરીમાં જઈ લગ્નજીવનની શરુઆત કરનાર પરિણિતાને સપનામાં પણ ખ્યાલ નહી હોય કે જે ઘરમાં લગ્ન કરીને જઈ રહી છે તે ઘરમાં હાલના સમયે પણ રૂઢી ચુસ્ત કુરીવાજોની બેડીઓથી હજી પણ કેદ છે. લગ્નના પ્રારંભીક તબક્કામાં જ પતિ અને સાસુએ ઘરના રીત-રીવાજ થી પતિ અને સાસુએ પરિણિતાને વાકેફ કરી દીધી હતી. જયારે પરિણિતા પણ સાસરીના સભ્યોના કહેવા પ્રમાણે રહેતી હતી. પરંતુ રોજ-બરોજ પતિ અને સાસુ સામાજીક કુરીવાજોનું ચુસ્તપણે પાલન કરવાની ફરજ પાડી રહ્યા હતા. છતા પણ પરિણિતા સમય જતા બધુ ઠીક થઈ જશે તેમ માની ને ઘર સંસારમાં વ્યસ્ત તઈ ગઈ હતી. જો કે પિયરમાં છુટથી કોઈપણ જાતની રોકટોક વિના મોટી થયેલી પરણિતાને સાસરીમાં દિવસ તો ઠીક પણ રાત્રી દરમિયાન પણ સાડી પહેરવાની પતિ અને સાસુ ફરજ પાડી રહ્યા હતા. પરિણિતા ઘરની બહાર નીકળે તો પણ ઘુંઘટો તાણી રાખવો પડતો હતો. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે પરિણિતાએ ગાઉન પહેર્યું હતું તે સમયે પતિ અને સાસુ બહારથી આવ્યા હતા.ગાઉનમાં તેણીને જોઈને મહેણા-ટોણા મારી મોડીરાત સુધી ત્રાસ આપી પતિ અને સાસુએ તેણીને પહેરેલા કપડે ઘરની બહાર કાઢી મુકી હતી. જેને પગલે પરિણિતા શહેરના માર્ગો પર ફરવા માટે મજબુર બની હતી. આ અંગે જાણ થતા જ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ની ટીમ પરિણિતા પાસે પહોંચી ગઈ હતી.ત્યારબાદ ટીમ તેને સાસરીમાં લઈ જઈને પતિ અને સાસુને કાયદાનું ભાન કરાવી કલાકો સુધી કાઉન્સિલિંગ કર્યુ હતુ. આખરે પતિ અને સાસુને પોતાની ભુલ સમજાઈ જતા તેઓએ પરિણિતાનો સ્વીકાર કરી ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

# આઈએઆર ખાતેથી ૮ કિમી સાયકલોથોનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતેની ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ રીસર્ચ દ્વારા ''સાયક્લોથોન-૨૦૨૨'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયક્લોથોન તા. ૧૬મી સપ્ટેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે આઈએઆર કેમ્પસથી પ્રારંભ થશે. સાયક્લોથોનનો ઉદ્દેશ ''સ્વસ્થ જીવન શૈલી અને સ્વસ્થ પર્યાવરણ'ના હેતુથી ઈંધણનો વપરાશ ઘટાડી રોજીંદા કાર્યમાં સાયકલનો વપરાશ વધે તે અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આઈએઆર કેમ્પસથી પ્રારંભ થઈને સાયક્લોથોન કોબા સર્કલ સુધી જશે અને ત્યાંથી પરત આઈએઆર કેમ્પસ પહોંચશે જે દરમ્યાન કુલ આઠ કિમીનો રૂટ આવરી લેશે. આ સાયક્લોથોનમાં ૧૫૦થી વધુ સાયકલવીરો ભાગ લેશે. આ સાયક્લોથોનમાં ભાગ લેવા ઈચ્છતા સાયકલવીરોએ આઈએઆરની વેબસાઈટ પર આપેલ લિંક પરથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયુ છે.



સેક્ટર-૫ ખોડીયાર મંદિર ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેવાસેતુ કાર્યક્રમનો લાભ સેક્ટર-૫ના વસાહતીઓએ મોટી સંખ્યામાં લીધો હતો.



સેક્ટર-૭ની પ્રાથમિક શાળાનું કામ હાલમાં પૂરજોશમાં ચાલી રહ્યુ છે. નવુ બિલ્ડીંગ ખૂબ જ ઝડપથી તૈયાર થઈ રહ્યું છે. હાલમાં આરસીસીના બ્લોક નાંખવાની કામગીરી ચાલી રહી છે.